# જિલ્લા પંચાયતના પ્રમુખપદે મંગુબેન બિનહરીફ

## સતત બીજીવાર ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ પટેલ પણ બિનહરિફ

ગાંધીનગર, તા. ૧૯ ગાંધીનગર જિલ્લા પંચાયત કોંગ્રેસ પક્ષના ૨૪ સભ્યોએ આજે સર્વાનુમતે પ્રમુખ તરીકે મંગુબેન છનાભાઈ પટેલ (ચૌધરી) અને ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ બળદેવ પટેલની વરણી કરતી દરખાસ્તો જિલ્લા વિકાસ અધિકારી



હિતેશ કોયા સમક્ષ રજુ કરી હતી.

સવા-સવા વર્ષની ફોર્મ્યુલા અંતર્ગત સધાયેલી સમજૂતીને પગલે આજે બપોરે ૧.૨૦ મિનિટે પંચાયતના વિદાય લેતા પ્રમુખ રામાજી ઠાકોરની ચેમ્બરમાં નિરીક્ષક ગેનીબેન ઠાકોરની ઉપસ્થિતિમાં કારોબારીના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ સભ્યોને પક્ષનો વ્હીપ આપી મેન્ડેટ વાંચી સંભળાવ્યો હતો.

આ વેળાએ સૌ સભ્યોએ પક્ષના આદેશની સ્વીકૃતિનું



તાળીઓના ગડગડાટ વચ્ચે કોંગ્રેસ ઝિંદાબાદનો સૂત્રોચ્ચાર કર્યો હતો.

મેન્ડેટ વાંચન બાદ બન્ને ઉમેદવારોએ તેમના ફોર્મ ભરવાની વિધિ સંપન્ન કરી અને કોંગ્રેસના સૌ સભ્યોએ તેમનામાં વ્યક્ત કરેલા વિશ્વાસ માટે આભાર માની એક ટીમ તરીકે કામ કરવાની ખાત્રી આપી હતી. ત્યારબાદ બધાજ સભ્યો પ્રદેશ નીરીક્ષક ગેનીબેન ઠાકોર, વિદાય લેતા પ્રમુખ રામાજી ઠાકોર, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીની આગેવાનીમાં જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાની ચેમ્બરમાં જઈ ઉમેદવારી પત્રો રજુ કર્યા હતા.

આજે માત્ર કોંગ્રેસ તરફથી જ પ્રમુખ-ઉપપ્રમુખની દરખાસ્તો મળતાં બુધવારે મળનાર સામાન્ય સભા એ ઔપચારિક બની ગઈ છે.

ભાજપ તરફથી કોઈ જ દરખાસ્ત આજે રજુ થઈ ન હતી. આમ કોંગ્રેસના ઉમેદવારો બિનહરિફ બન્યા છે.

### પદનામિત પ્રમુખે પૂર્વ પ્રમુખને ચૂંટણીમાં પરાજય આપ્યો હતો

**ઉપપ્રમુખ તરીકે બીજીવાર રીપીટ થનાર ભરત પટેલ બીજા ઉપપ્રમુખ બનશે**

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા પ્રમુખ તરીકે પદનામિત અધ્યક્ષા મંગુબેન પટેલ છાલા બેઠક પરથી પૂર્વ પંચાયત પ્રમુખ મંગીબેન પટેલને ૮૦૦થી વધુ મતે પરાજય આપી વિજેતા થયા હતા.

મંગુબેન પટેલ (ચૌધરી) અને મંગીબેન પટેલ (ચૌધરી) આમ તો બન્ને સગપણમાં બહેનો થાય છે. પશુપાલન અને સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ મંગુબેન પટેલ (ચૌધરી) અને મંગીબેન પટેલ (ચૌધરી)એ છાલાની બેઠક પર વિજયી થયેલા ઉમેદવારો છે અને બન્ને પંચાયતનું પ્રમુખપદ સંભાળશે તે પણ યોગાનુ યોગ છે.

તો કોંગ્રેસમાં બીજીવાર ઉપપ્રમુખ તરીકે રિપીટ થયેલા ભરતભાઈ પટેલ પલીયડના વતની છે. સુધારાવાદી ખેડૂત તેમજ કોન્ટ્રાક્ટર તરીકેની આગવી ઓળખ ધરાવે છે. જિલ્લા પંચાયતમાં બીજીવાર ઉપપ્રમુખ બનનાર તેઓ બીજા સદસ્ય છે. અગાઉ પ્રહલાદજી ઠાકોર આ પદ સંભાળી ચુક્યા છે.

### ગીતાબેને કહ્યુ પાર્ટી મારા નામની ઘોષણા કરે નહિ તો રાજીનામુ આપીશ

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખ-ઉપ પ્રમુખનુ ફોર્મ સર્વ સંમતિથી ભરાયા બાદ શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલે જો પાર્ટી તેમની સાથે પ્રમુખપદ માટે કમીટમેન્ટ ના કરે તો હોદ્દા પરથી અને સભ્યપદેથી રાજીનામુ આપી દેવાની ચીમકી ઉચ્ચારી હતી.

સભ્યો બધા આનંદવિભોર હતા ત્યાં જ ગીતાબેન પટેલે કરેલા વિવાદાસ્પદ નિવેદનને પગલે પંચાયતમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. ગીતાબેન પટેલ પણ પ્રમુખ પદના દાવેદાર હતા અને ગઈકાલે સભ્યોએ તેમનું નામ પણ નિરીક્ષકોને સૂચવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

જો કે પાર્ટી તરફથી કોઈ કમીટમેન્ટ અપાયુ નથી પરંતુ સવા વર્ષ પછી પાટીદાર સમાજને પ્રમુખપદ અપાશે તેવી વાત સાથે કોંગ્રેસમાં ઉભરેલી જૂથબંધીને નાથવામાં પક્ષની નેતાગીરી સફળ થઈ છે.

નિરીક્ષક ગેનીબેન ઠાકોરે પણ સભ્યોને જણાવ્યુ હતુ કે આટલા શિસ્તબદ્ધ કાર્યકરોના જિલ્લામાં નિરીક્ષક તરીકે કામ કરવાની તકથી મને ગૌરવ પ્રાપ્ત થયુ છે. તેમણે જણાવ્યુ હતુ કે સવા વર્ષ પછી ત્રણ પાટીદાર મહિલાઓએ દાવો કર્યો છે ત્યારે તેમના નામ માટે પણ આવી જ સર્વસંમતિ સધાશે તેવો મને વિશ્વાસ છે.



સેક્ટર-૭ શાકમાર્કેટનો મુકામ બદલાયો....

### કલોલ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના ઉમેદવારો બિનહરિફ

**દહેગામ-માણસાના વિજય માટે વિશ્વાસ વ્યક્ત કરતા નેતાઓ**

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરિફ વરણી પછી કલોલ તાલુકા પંચાયતમાં પણ પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરિફ વરણી થતાં કોંગ્રેસનો આનંદ બેવડાયો છે.

દહેગામ, માણસા અને કલોલ તાલુકા પંચાયની પણ આજે જ ચૂંટણી યોજાવાની છે. માણસામાં કોંગ્રેસના ઉમેદવાર વિજય થશે અને દહેગામમાં પણ કોંગ્રેસના ઉમેદવાર વિજયી થશે તેવો વિશ્વાસ જિલ્લા કોંગ્રેસના આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જણાવ્યુ છે કે જિલ્લામાં કોંગ્રેસનો દબદબો હતો અને તે વધુ મજબુત બનશે તેવો મને વિશ્વાસ છે.

પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસે જણાવ્યુ છે કે અમે ચારેય તાલુકા પંચાયતો પર કબ્જો મેળવવામાં સફળ રહીશુ. જિલ્લામાં કોંગ્રેસ એક રાજકીય પક્ષ તરીકે નહિ પણ જિલ્લાની જનતાની સાથે પરિવારની જેમ રહી છે અને સંતુલિત વિકાસ એજ અમારૂ લક્ષ્ય છે.

### હા... સાહેબ !





''જોયાને મોટા ધડાકા..?! આ તો ટ્રેલર છે, પીક્ચર તો હજુ બાકી છે..!''

''અ.હં..! કાશ્મીરની વાત કરો છો..?! ટેકો પાછો ખેંચી લીધો એને તમે ધડાકો કો'છો..?! મૂળમાં જ તમે ખોટા હતાં... તમારૂ ગઠબંધન માત્ર સત્તાલક્ષી હતુ..!''

''હા... એ તો તમને તો બધું આવું જ દેખાશે..! હવે આતંકવાદીઓ સામે પગલાં લઈશુ તો એમ કે'શો કે ચૂંટણી આવી ને..?! યુદ્ધ કરીશું તો તમે કંઈક કહેશો..! નહિ કરીએ તો કહેશો કે તમે કંઈ કરતા નથી..! તમને તો કેમ પહોંચવા ?!''

''અરે..! આમાં પહોંચવાની વાત જ ક્યાં છે સાહેબ..! ત્રણ વરસ કાશ્મીરને પાયમાલ કરી નાંખ્યુ..! જે પીડીપી સામે વરસો સુધી તમે લડ્યા અને સત્તા માટે સાથે બેઠા..! અને હવે પેટ ભરીને પસ્તાવ છો... આ બધું તો રાંડ્યા પછીનું ડહાપણ છે..!''

''બસ... બસ.. બહું થયું..! મર્યાદા રાખો..! અમે રાષ્ટ્રભક્તિ માટે રાત દિવસ કામ કરીએ છીએ..! અમારા એકેએક નિર્ણયોમાં દેશને અગ્રતા હોય છે..! વિકાસને અગ્રતા હોય છે..! અમારી એકેએક વ્યૂહરચના રાષ્ટ્રભક્તિને કેન્દ્રમાં રાખીને ઘડાય છે..! ખબર છે તમને..?!''

''ઓ...હો...હો...હો..! રાષ્ટ્રભક્તિનો ઈજારો માત્ર તમારો જ છે..! તમે એકલા જ સાચા... બાકીના બધા ખોટા..?! ઈતિહાસ તો ૧૮૫૭થી આરંભાયો છે, રાષ્ટ્રભક્તિ આજકાલની નથી..! દેશવાસીઓ પાસે... એ મંગલ પાંડે... એ ભગતસિંહ... એ ઝાંસીની રાણી... એ સુભાષચંદ્ર બોઝ..!''

''...બસ, બસ, બસ..! ઈતિહાસ પણ વાંચ્યો છે ને ભુગોળ પણ ભણ્યો છુ..! આપણે આજની વાત કરીએ છીએ..! કાશ્મીર ખીણમાં આતંકવાદીઓ અડ્ડો જમાવીને બેઠા છે ત્યારે કડક કાર્યવાહીની જરૂરીયાત ઉભી થઈ છે..! અને પીડીપીના મહેબુબા અસરકારક ન નીવડ્યા એટલે અમારે ટેકો પાછો ખેંચવો પડ્યો છે..!''

''સાહેબ..! આ બધું તો ટેકો આપતાં પહેલાં વિચારવાની જરૂર હતી..! આટલું સમજવામાં તમને સાડા ત્રણ વરસ લાગ્યા..?! અને હવે સુફીયાણી વાતો કરવા નીકળ્યા છો..? દેશભક્તિની વાતો કરવા નીકળ્યા છો..?! તમને સત્તાની લાલસા ગઈકાલે પણ હતી અને આજે પણ છે..!''

''હા... એ તો કમળો હોય તેને બધું પીળું જ દેખાય..! પણ જવાદો આ માથાકૂટ..! મૂળ વાત ઉપર આવીએ..! કાશ્મીર સમસ્યાને ઉકેલવાની પ્રાથમિકતા નથી લાગતી..?!''

''હા...હા... લાગે છે ને..!! ચોક્કસ દિશા નક્કી કરો..! કેડી કંડારો... સૌને વિશ્વાસમાં લો અને વિશ્વાસપૂર્વક આગળ વધો..! દેશ તમારી સાથે છે..!!''

''વાહ..! તમે સાચું જ કહ્યું..! હવે તો ડગલું ભર્યું કે ના હટવુ..! રાજકીય સમીકરણો છોડીને માત્ર ને માત્ર રાષ્ટ્રહિતના સમીકરણો માંડી આગળ વધવાનો સમય આવી પહોંચ્યો છે..! ક્ષણનો પણ વિલંબ પોષાય એમ નથી, ખરૂને..?!''

''હા... સાહેબ...હા..!!''

**પત્રકારત્વ ક્ષેત્રે ઉજ્જવળ તક**

**પીજી ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન**

અભ્યાસ સમયગાળો એક વર્ષ (બે સત્ર)

લઘુત્તમ લાયકાત : સ્નાતક (બી.એ., બી.કોમ., બી.એસસી.)

- સમાચારપત્રો, સામાયિક, રેડિયો, ટેલીવિઝન, ન્યૂઝ ચેનલમાં પત્રકાર બનવાની ઉત્તમ તક
- ન્યૂઝ મીડિયા, ન્યૂઝ પોર્ટલ, વેબ જર્નાલિઝમ જેવાં નવાં ક્ષેત્રોમાં પ્રવેશની તક
- સરકારી, અર્ધસરકારી અને ખાનગી ક્ષેત્રમાં કારકિર્દી ઘડવાની તક
- વિજ્ઞાપન ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દીની તક
- પત્રકારત્વ વિભાગના નિષ્ણાત અને અનુભવી અધ્યાપકો દ્વારા માર્ગદર્શન
- ક્લાસરૂમ શિક્ષણ ઉપરાંત પ્રત્યક્ષ મુલાકાત અને પ્રાયોગિક તાલીમની વ્યવસ્થા

પત્રકારત્વ વિભાગ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર-૧૫, ગાંધીનગર, મો. ૮૪૦૧૮ ૬૩૨૨૯

# હવે ગાંધીનગર સ્ટેશન ધમધમતુ બનશે

**નવી ટ્રેઇન શરૂ કરવા માટે ગ્રીન સિગ્નલ : હોટલનુ કામ પુર્ણ થયા બાદ નવી ટ્રેઇન દોડાવવા માટે કામ હાથ ધરાશે : શહેર વસાહત મહામંડળની રજુઆત રંગ લાવી : વેસ્ટર્ન રેલવે મેનેજર વસાહત મહામંડળને પત્ર લખી જાણ કરી**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર રેલવે સ્ટેશનના ટ્રેક પર ચાર દાયકાના અંતે સતત ટ્રેઈનો દોડતી જોવા મળશે. કેપિટલ સ્ટેશન વિસ્તારમાં નિર્માણ પામતી વિશાળકાય હોટલના નિર્માણ કામના અંતે સ્ટેશન પર નવી ટ્રેઈનો દોડશે આ વાતને વેસ્ટર્ન રેલવેના મેનેજરે લીલી ઝંડી આપી દીધી છે. સ્ટેશન વિકાસ તેમજ હોટલનુ કામ પુર્ણ થયા બાદ સ્ટેશન પર નવી ટ્રેઈન સુવિધા ઉપલબ્ધ થશે.

ગાંધીનગર સ્ટેશન પર નવી ટ્રેઈન સેવા શરૂ કરવા માટે દાયકાઓથી રજુઆતો કરવામાં આવી રહી છે. પરંતુ હવે નજીકમાં જ કેપિટલ સ્ટેશનના અચ્છા દિન શરૂ થશે. આ અંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગાંધીનગરની પ્રથમ ઈંટ મુકાઈ તેમ રેલવે સ્ટેશનનુ બાંધકામ ૧૯૭૨ થી શરૂ થયુ . જયારે ૧૯૭૬ માં કામ પુર્ણ થયા બાદ માલગાડીની અવરજવર શરૂ થઈ. જયારે પ્રથમ પેસેન્જર ટ્રેઈન વર્ષ ૧૯૭૯ માં અમદાવાદથી ગાંધીનગર આવી. જયારે તબક્કવાર સ્ટેશનના વિકાસના અંતે શાંતિ એકસપ્રેસ, હરિદ્વારા મેઈલ, વડોદરા, અમદાવાદ અને આણંદ તેમજ મેમુ અને ગરીબરથ જેવી ટ્રેઈનો પણ દોડતી થઈ. જયારે વર્ષ ૨૦૦૩ માં કલોલ સાથે જોડાણ મળ્યુ હતુ. ગાંધીનગર સ્ટેશન પર નવી ટ્રેઈન દોડતી થાય તે માટે વસાહત મહામંડળે રેલવે વિભાગને ૮ હજાર જેટલા પત્રો લખી રજુઆત કરી છે. જેમાં ખોડીયાર થી સીધી કલોલ જતી ટ્રેઈનો પણ વાયા ગાંધીનગર દોડાવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. જયારે ગત દિવસોમાં કેપિટલ સ્ટેશન વિસ્તારમાં ૩૦૦ રૂમની તોતિંગ હોટલનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. આમછતા મહામંડળ દ્વારા રજુઆતોનો દૌર ચાલુ રાખી ગત

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર રેલવે**

| તારીખ | વિગત |
|---|---|
| ● ૧૯૭૨ | સાબરમતીથી ગાંધીનગર રેલવે ટ્રેકનું કામ શરૂ થયું. (બ્રોડગ્રેજ) |
| ● ફેબ્રુ. ૧૯૭૬ | રેલવે ટ્રેકનું કામકાજ પૂર્ણ થયું અને પ્રથમ માલગાડી સેવા શરૂ. |
| ● ૧૬-૪-૭૯ | પ્રથમ પેસેન્જર ટ્રેન શરૂ થઈ. અમદાવાદ-ગાંધીનગર-અમદાવાદ નં. ૧૧૯-૧૨૦ |
| ● ૫-૫-૯૨ | કોમ્પ્યુટરાઈઝડ રેલવે રીઝર્વેશન કાઉન્ટર, ડૉ. જીવરાજ મહેતા ભવનના પ્રાંગણમાં. |
| ● મે-૧૯૮૪ | ગાંધીનગર પાટનગરથી દિલ્હી ટ્રેન જોડાણ માટે બજેટમાં ફાળવણી. |
| ● ૧-૭-૦૧ | શાંતિ એક્સપ્રેસ પ્રથમ પેસેન્જર ટ્રેન ગાંધીનગર-ઈન્દોર શરૂ થઈ. |
| ● ૧૧-૧૦-૦૨ | ગાંધીનગર રેલવે સ્ટેશનનું આધુનિકીકરણ માટે રૂ. ૫૧.૨૪ કરોડનું બજેટ મંજૂર. |
| ● ૧૪-૫-૦૩ | ગાંધીનગર-દિલ્હી રેલલાઈન જોડાણ કલોલ લાઈન ૭ કી.મી. નવી લાઈન ગાંધીનગર મોટી આદરજ ૬ કી.મી. ગેઈજ રૂપાંતર. |
| ● ૧૨-૧૦-૦૭ | રેલવે સેફટી કમિશનર દ્વારા ગાંધીનગર કલોલ રેલવે લાઈનને ખુલ્લી મૂકવા મંજૂરી. |
| ● ૧૩-૧૧-૦૭ | ગાંધીનગર-કલોલ લાઈન માલગાડી શરૂ. |
| ● ૨૮-૧૧-૦૭ | પેસેન્જર ટ્રેનને કલાકના ૭૫ થી ૧૦૦ કિ.મી.ના ઝડપે ચલાવવા મંજૂરી. |
| ● ૭-૧૨-૦૭ | ગાંધીનગર-ખોડીયાર લાઈન રૂપાંતર પૂર્ણ. ૩ કી.મી.નું અંતર ઘટવા સાથે ચાંદખેડા, કાલીગામ, સાબરમતી, ડી-કેબીન અને ખોડીયાર જોડાયા. |
| ● ૧૨-૨-૦૮ | દિલ્હી મેલનો પ્રારંભ. |
| ૧-૭-૦૮ | ગાંધીનગર-વડોદરા મેમુ ટ્રેન શરૂ. |
| ● ૧-૭-૦૮ | મુંબઈ-જયપુર-મુંબઈ ગરીબ રથ શરૂ. |
| ● ૩૦-૮-૦૯ | ગરીબરથ દિલ્હી સુધી લંબાવાયો. |
| ● ૨૬-૬-૦૯ | વિધાનસભા ખાતે રેલવે રીઝર્વેશન સેન્ટર શરૂ. |
| ● ૨-૧૧-૦૯ | યુ.ટી.એસ. કમ પી.આર.એસ.ની કેપીટલ રેલવે સટેશનને સુવિધા શરૂ. |

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

### જાહેર ચેતવણી



આથી અમો નીચે સહી કરનાર આશાબેન ડી. નાયી, રહે. પ્લોટ નં. ૧૫૬૧/૨, સેક્ટર-૫/સી, ગાંધીનગર, આ જાહેર નોટીસથી લાગતા-વળગતા સર્વેને જણાવીએ છીએ કે, અમારા પતિ નામે દિપક ભૂપતભાઈ નાયી, મૂળ વતન-કોલવડા, હાલ રહેવાસી - રાધે-૧૧૧ ફ્લેટ, આઈ-૪૦૩, કુડાસણ, ગાંધીનગર ખાતે રહે છે. અને બહેરીન હેર આર્ટ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે હેરકટીંગનું કામ કરે છે. જેઓ અમારા કહ્યામાં નથી. આથી અમોએ તેઓની સાથેના તમામ નાણાંકીય વ્યવહારો રદ કરેલ છે. તેવા સંજોગોમાં સદરહુ મારા પતિ સાથે મારા કે મારા પાલ્ય તથા વાલી વારસ વતી કોઈપણ ઈસમે કોઈપણ જાતનો વ્યવહાર, વહીવટ, લેવડ-દેવડ, સોદા કરવા નહિ અને જો કોઈપણ ઈસમ તેની સાથે લેવડ-દેવડ કે આર્થિક સોદા કે બીજા કોઈપણ સોદા કે કાનુની પ્રવૃત્તિ કે વ્યવહાર કરશે તો સઘળી જવાબદારી જે તે ઈસમને રહેશે. જેની ખાસ નોંધ લેવી.

લી.

**આશાબેન ડી. નાયી**

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com